# ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

**બોર્ડ નિગમ વિસ્તાર, સેકટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦**
**ફોન નંબર - ૨૩૨૫૦૨૯૪ - ૪૪૯૨૭ - ૫૦૩૩૦**
**ફેક્સઃ (૦૭૯)-૨૩૨૫૦૨૮૦ - ૪૪૯૨૬**
**E-Mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in**


**ક્રમાંકઃ- મફબ/અકઠ/ચુ-૯/મનપા ઓક્ટ્રોય/ઓગસ્ટ-૧૮/૨૦૧૮-૧૯/** ૯૬૬૬ તા. 01 SEP 2018

**વંચાણે લીધા :-**

૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૪/૧૧/૦૭ના ઠરાવ ક્રમાંક:-બીજીટી/૮૦૨૦૦૭/૩૯૪૦/પી.

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૨૮/૦૬/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: બજટ-૮૦૨૦૧૭-૭૪૩૪-પી.

**દફતરી હુકમ :-**

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ-૧ના તા.૧૪/૧૧/૦૭ના ઠરાવથી ૭ મહાનગરપાલિકાઓને ઓકટ્રોય નાબુદ થતાં તેના વળતર પેટે એડહોક ગ્રાંટ ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. ત્યારબાદ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના તા.૧૬/૩/૨૦૧૦ ના જાહેરનામાથી થતા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનો પણ આ હેતુસર સમાવેશ કરવામાં આવેલ છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧/૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : નપલ /૪૫૨૦૧૬/૫૨૦૭/મથી રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને વર્ષ ૨૦૧૪-૧૫માં ઓક્ટ્રોય વળતર માટે જે ગ્રાંટ ફાળવવામાં આવતી હતી તેમાં વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૦ ટકા વધારો કરવાનો નિર્ણય કરેલ છે.

મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન(ગ્રાંટ) હેઠળ સને ૨૦૧૮-૧૯ ના વર્ષ કુલ રૂા.૨૩૩૭૧૮.૧૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. જે પૈકી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-૨ના તા.૨૮/૦૬/૨૦૧૮ના ઠરાવથી રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને જુલાઇ-૨૦૧૮ થી સપ્ટેમ્બર-૨૦૧૮ માસ માટે ગ્રાંટ નિયત ટકાવારી મુજબની રકમ ચુકવવા મુજબ નિર્દિષ્ટ શરતોએ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના હવાલે મૂકેલ છે. સદરહુ ઉપલબ્ધ ગ્રાન્ટ પૈકી ઓગસ્ટ-૨૦૧૮ માસ માટે કુલ **રૂ!. ૧૯૪,૭૬,૬૬,૬૬૬/- (અંકે રૂપિયા એકસો ચોરાણું કરોડ છોતેર લાખ છાસઠ હજાર છસો છાસઠ પુરા)** નીચે દર્શાવ્યા મુજબ ચુકવવાની થાય છે.

| **ક્રમ** | **મહાનગરપાલીકાનું નામ** | **મળવાપાત્ર રકમ રૂ!.** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮૭,૧૫,૧૦,૦૦૦ |
| ૨ | સુરત | ૬૦,૨૧,૬૮,૦૦૦ |
| ૩ | વડોદરા | ૨૬,૮૦,૨૧,૩૩૩ |
| ૪ | રાજકોટ | ૧૧,૧૭,૮૫,૬૬૭ |
| ૫ | જામનગર | ૩,૦૪,૭૭,૦૦૦ |
| ૬ | ભાવનગર | ૩,૧૯,૦૭,૩૩૩ |
| ૭ | જૂનાગઢ | ૧,૯૦,૩૪,૩૩૩ |
| ૮ | ગાંધીનગર | ૧,૨૭,૬૩,૦૦૦ |
| | કુલ | **૧૯૪,૭૬,૬૬,૬૬૬** |

ઉપર પ્રમાણે ૮ મહાનગરપાલિકાઓને જુલાઇ-૨૦૧૮ માસની ઓકટ્રોય વળતર પેટે ચુકવવાની કુલ રકમ **રૂ!. ૧૯૪,૭૬,૬૬,૬૬૬/-(એકે રૂપિયા એકસો ચોરાણું કરોડ છોત્તેર લાખ છાસઠ હજાર છસો છાસઠ પુરા)**પૈકી દરેક મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમ કમિશ્નરશ્રી, સંબંધિત મહાનગરપાલિકાને ચુકવવા મંજુરી આપવામાં આવે છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-૨ના તા. ૧૮/૦૪/૨૦૧૭ ના ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન મહાનગરપાલિકાઓએ જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે જ હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે. અન્ય કોઇ હેતુ માટે ખર્ચ કરી શકશે નહિ.

મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન યોજના હેઠળ અત્રેના બોર્ડને હવાલે મુકેલ ગ્રાંટની રકમ **રૂ!. ૧૯૪,૭૬,૬૬,૬૬૬/-(એકે રૂપિયા એકસો ચોરાણું કરોડ છોત્તેર લાખ છાસઠ હજાર છસો છાસઠ પુરા)** માંથી ઉધારવાનો રહેશે.

**સહિ/-**
**(બી.સી.પટણી)**
**અધિક કમિશ્નર**
**મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન**
**અને હોદ્દાની રૂએ CEO, GMFB**
**ગાંધીનગર**

**રવાના કર્યુ**

**નાયબ નિયામક(આંકડા)**
**ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,**
**અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ.**

**નકલ સવિનય રવાના :-**

(૧) અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. અધ્યક્ષશ્રીના અંગત મદદનીશશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર તરફ માન. અધ્યક્ષશ્રીના માયાળુ ધ્યાને મુકવા સારૂ.
(૩) નાયબ સચિવશ્રી (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૪) નાયબ સચિવશ્રી (બજેટ) (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) પ્રાદેશીક કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન , અમદાવાદ, સુરત,વડોદરા, રાજકોટ, ભાવનગર, અને ગાંધીનગર.
(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
(૭) સહાયક નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અમદાવાદ, સુરત,વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ,ભાવનગર, અને ગાંધીનગર.
(૮) નાયબ નિયામકશ્રી (નાણાં), ગુ.મ્યુ.ફા.બોર્ડ, ગાંધીનગર તરફ ઉપર હુકમમાં દર્શાવેલ કુલ રકમ **રૂ!. ૧૯૪,૭૬,૬૬,૬૬૬/-(એકે રૂપિયા એકસો ચોરાણું કરોડ છોત્તેર લાખ છાસઠ હજાર છસો છાસઠ પુરા)** ની રકમ પૈકી મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમની ચૂકવણી કમિશ્નરશ્રી સંબંધિત મહાનગરપાલિકાઓને કરવાની સારૂ.
(૯) સીલેકટ ફાઇલ.